Registered Charity No. 1056591

# PRAVASI MANDAL

65 ELSDEN ROAD,WELLINGBOROUGH,NORTHANTS,NN81QD,

TEL; 01933 442955, E-mail- pravasimandal2@btconnect.com

## NEWS LETTER 2018

### તંત્રી સ્થાનેથી

આપ સર્વેને જણાવવાનું કે પ્રવાસી મંડળમાં ભુતકાળમાં અને હાલના કમિટિ સભ્યોએ ઘણો બધો પોતાનો કિંમતી સમય આપી સંસ્થાને યોગ્ય માર્ગદર્શનના પંથે દોર્યું છે. આપ ની પણ ફરજ બને છે કે સંસ્થાની કામગીરીને વધારે કેવી રીતે સુધારવી જે આપના મંતોવ્યોથી જ ખબર પડશે. આપણી સંસ્થા હાલના આવા કપરા સંજોગોમાં પણ ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ પ્રગતિ કરે છે અને તે ગર્વની બાબત છે પરંતુ સંસ્થા ફકત એક જ વ્યકિત માટે નથી પણ આપ સૌ સામેલ થાવ એવી અરજ કરીએ છીએ. આપણા સર્વેનું સ્વપનુ હતુ કે આપણી પાસે પોતાનુંબિલ્ડીંગ હોય તે આપણે સૌએ ભેગા મળી કયારનું પુરૂ પાડ્યુ છે. પરંતુ જો આપ સર્વેનો સાથ અને સહકાર હશે તો જરૂરથી આપણે પ્રવાસી મંડળ ચલાવી શકીશું આ માટે નાણાકીય તેમજ બિન નાણાકીય રીતે આપ મદદ કરી શકો છો.

### જેમકે નાણાકીય બાબત

પ્રવાસી મંડળના સભ્ય બની શકો છો. ડોનેશન આપી શકો છો, તેમજ સ્ટેન્ડીગ ઓર્ડર મારફત આપ દર મહિને પૌંડ ૨.૦૦ કે વધારે પણ આપી શકો છો.
બિલ્ડીંગને ભાડે આપવુ, રસોઇનો ઓર્ડર માટે બીજા વ્યકિતઓને ભલામણ કરવી

### બિન નાણાંકીય સેવા-

(૧) દરેક એકટીવિટિમાં ભાગ લેવો, વોલ્યુન્ટરી કામ કરવું

(૨) આપના સુચનો જણાવવા

(૩) જયારે ઈવેન્ટ હોય ત્યારે મદદ કરવી, મોટરકારની સેવા આપવી

(૪) એક બીજા સાથે મળી સંસ્થાની પ્રવૃતિઓથી વાકેફ કરવા.

**ચેરમેન અહેવાલ- (ભૂપેન્દ્રભાઇ પટેલ)**

પ્રવાસી મંડળના સર્વે ભાઇ બહેનો અમારા તરફથી નવા વરસની શુભેચ્છા અને તંદુરસ્તી ભર્યું વર્ષ પસાર થાય એવી પ્રાર્થના સાથે જણાવવાનું કે આપણે એક બીજાને ઓળખીયે છીયે,સમજીયે છીયે અને માન આપીયે છીયે એ આપણા પ્રવાસી મંડળ માટેનો મુખ્ય આશય છે. આપણા સૌ માટે કટોકટીના દિવસો આવી રહયા છે. પરંતુ આપણે સૌ ભેગા મળી એનો સામનો કરીશુ તો મને આશા છે કે જરૂરથી આપણને સફળતા મળશે. વધૂમાં જણાવવાનું કે આપને ખબર હશે કે સેન્ટરની ઉપર ફ્લેટ બનાવવાના છીએ તે બાબતનો ઉલ્લેખ દર વખતે કરવામાં આવે છે તેનો સમય હવે આવી રહયો છે અને સેન્ટરના મકાન ઉપર નવ ફ્લેટસ બનશે અને જે ભાઇ બહેનોને ભાડે રહેવુ હોય તે રહી શકશે પરંતુ આ બાબતની જાણ અગાઉથી એટલા માટે કરવાની કે ફ્લેટસ બનાવવા પૈસાની જરૂર પડશે અને એ પૈસા આપણે બેંકમાંથી લોન મારફતે લેવા કરતા આપણા જ ભાઇ બહેનોને બેંકના દર કરતા વધારે આપી શકીએ તેવો વિચાર કર્યો છે તે માટે સર્વેને ખાસ વિનંતી કે આપ આપના સગા સંબધી , બાળકો કે ઘરના કોઇ સદસ્યને જાણ આ બાબતની કરશો અને જેટલુ બની શકે તેટલું રોકાણ કરી શકે છે. આપણે પ્લાનીંગ પરમીશનની અરજી કરી દીધી છે અને આઠ વિક પછી તેની ખબર પડશે કે આપણને મંજુરી મળી કે નહિ. જો મળી હશે તો જરૂરથી આપને આગળના કાર્યક્રમની જાણ કરવામાં આવશે.

**ટ્રેજરર અહેવાલ - (મૃદુલાકુમારી ધાલ)**

ટ્રેજરરની ફરજ બને છે કે નાણાકીય બાબતનો હિસાબ ચોકસાઇ પૂર્વક થવો જોઇએ જે ચેરીટી કમિશનના નિયમોને આધીન હોય. એ બાબતે ની મારી ફરજ અદા કરુ છુ સ્ટાફ ના ખર્ચમાં કાપ મૂકેલ છે. ભાડેની આવક વધારીને પૌંડ આઠ હજારની કરી છે. બીન જરૂરીયાતી વપરાતા ગેસ, ઇલેકટ્રીકનો ખર્ચ ઘટાળ્યો છે. સંસ્થાના શોપીંગનો સંપૂર્ણ ખર્ચ ઘટાડી દીધો છે આ બાબતનો શ્રય દરેક સ્ટાફને ફાળે જાય છે. એ બદલ મને ગર્વ છે

**પ્રવાસી મંડળ ઇન્કવાયરીનો ઓફિસનો સમય-**

**સોમથી શુક્રવાર સવારના ૮.૦૦ થી ૪.૩૦ સુધી છે. ફોન- ૦૧૯૩૩ ૪૪૨૯૫૫**

**સેક્રેટરી નો અહેવાલ- (દિપકભાઇ પટેલ)**

આપ સૌને જણાવવાનું કે છેલ્લા સાત વર્ષથી આપણી સંસ્થામાં સંકળયેલ છું અને મારાથી બનતી સેવાઓ સંસ્થાને આપના વતી આપતો રહયો છું જેમકે કોઇ સંસ્થા સાથે પત્ર વ્યવહાર કરવો, કે પછી કાઉન્સીલ સાથે હોય, રીપેરીંગનું કામકાજ માટે તેમજ ગેસ, ઇલેકટ્રીક અને ફોન કંપની સાથે વાતોચીત કરી યોગ્ય પ્રમાણેનો કોન્ટ્રાકટ કરવો. દરરોજ પ્રવાસી મંડળમાં આવી રમેશભાઇ પટેલ (મેનેજર) સાથે કામકાજનો અહેવાલ મેળવવો વગેરે વગેરે તો આપ સૌને નમ્ર વિનંતી છે કે જરુરથી આપ સાથ સહકાર આપશો.

**સેન્ટર મેનેજર અહેવાલ- (રમેશ પટેલ)**

આપ સર્વેને મારા આદર પૂર્વક નમસ્કાર. હવે પછીના આવતા વર્ષો આપણા સૌ માટે કપડી પરિસ્થિતીનો સામનો કરવાનો આવશે. કારણ કે દિન-પ્રતિદીન મોંઘવારીની વધતી હોવાથી તેમજ દરેક વસ્તુમાં હરિફાઇ યોજાતા બજારમાં ટકી રહેવા માટેના અથાગ પ્રયત્નો કરૂ છું અને મારા કામના કલાકો ઉપરાંત વોલ્યુનટરી સમય આપું છું જેમકે રસોઇના ઓર્ડર હોય કે પછી ટ્રીપનું સંચાલન કરવાનું હોય. બીજુ જણાવવાનું કે દર વખતે આપણા મેમ્બર્સ મારફત એક જ વાતની ચર્ચા હોય છે કે સેન્ટરમાં શું ચાલી રહયુ છે અમોને કાંઇ ખબર પડતી નથી અને જયારે ખબર પડે ત્યારે ઇવેન્ટ કે ટ્રીપ ફુલ થઇ ગઇ હોય છે. તો મારે આપ સૌ વડીલને જણાવવાનું કે હું મારાથી શકય હોય તેટલા દરેક પ્રયત્નો કરૂ છું જેથી કરીને કોઇની નારાજગીના રહે, આ બાબતની જાણ મંદિર અથવા શાકની દુકાનમાં પોસ્ટર ધ્વારા કરવામાં આવે છે. પરંતુ આપણા બધાનો ખુબ જ રીસ્પોન્ડ એડવર્ટાઇઝ કર્યા વગર મળે છે તે આપણા સેન્ટર માટે ગર્વની વાત છે. પરંતુ હવે પછીની મિટિંગમાં આ બાબતનો કેવી રીતે સુધારો કરી શકાય તે માટે આપણા તરફના મંતવ્યાનો હું આભાર માનીશ. તો જરૂરથી આપના સુચનો જણાવશો. છેલ્લે મારા કામકાજ દરમ્યાન કાંઇ ભૂલ થઇ હોય તો એ બદલ ક્ષમા આપશો. (આપનો વિશ્વાસુ)

---

**નોટીસ**- પ્રવાસી મંડળની વાર્ષિક સાધારણ સભા શનિવાર તા ૨૮ જુલાઇ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ સ્રમ્યાન યાજાશે ફકત મેમ્બર્સ માટે.

**દિવાળી પાર્ટી**- આપ સૌ મેમ્બર્સને જણાવતા આનંદ થાય છે કે શનિવાર તા ૩ નવેમ્બર ના રોજ દિવાળી પાર્ટી સવારે ૧૦.૦૦થી ૨.૦૦ રાખવામાં આવી છે

**ગયા વર્ષેની સફળતાઓ-**

દર વર્ષ કરતા આ વર્ષે ઘણા નવા વ્યકિતઓ આપણા સભ્યો બન્યા છે કારણ કે બધાના મંતવ્ય પ્રમાણે આપણી બિલ્ડીંગ સુંદર અને ખુબ જ અજવાળુ હોય છે તથા ખુરશી ટેબલ ઘણા દેખાવકારક છે. અને સેન્ટરમાં ચાલતી એકટીવિટિ માટે ટયુટર પ્રોફેશ્નલ ઢબના છે. જેથી મજા આવે છે. આપણે ગયા વર્ષે ચારધામ, ગ્રીસ, બ્લ્યુવોટર, સાઉથહોલ, વેમ્બલી, સ્નોડોનીઆ, નોર્થન આયરલેન્ડ, લેસ્ટર, દુબાઇ, અને બ્લેકપુલ, ટ્રીપો કરી હતી. સૌના સાથ સહકાર બદલ આભાર વ્યકત કરીએ છીએ.

## હવે પછી આગળ વધવાના વિચારો

આ પત્રિકાની સાથે દર મહિનાના ત્રીજા શુક્રવારે મેન્સ અને લેડીઝ કલબ શરૂ કરી છે અને દર વખતે ખાવાનું મેન્યુ પણ જુદુ હશે તો જરૂરથી આપને જણાવ્યા પ્રમાણે પધારાશો અને યોગ્ય ફાળો આપશો આ બુફેટ ડીનર માટે ફકત પૌંડ ૫.૦૦ રાખ્યા છે આપ સૌને જો કાંઇ નવિન વિચારો આવે તો જરૂરથી જણાવશો આ સાથે મોકલાવેલ મેમ્બરસૅશીપનું ફોર્મ છે તો જરૂરથી ભરીને પાછુ મોકલાવશો મેમ્બરસૅશીપ ફી પૌંડ ૧૦.૦૦ છે તદ ઉપરાંત ટ્રીપમાં જવા માટેનું પણ લીસ્ટ છે જેથી કરીને આપને આવવા વિચાર હોય તો જરૂરથી જણાવશો કારણ કે આ માટે અગાઉથી હોટેલ તથા ફલાઇટ માટે બુકીંગ કરવાનુ હોય છે.

**દર મહિનાના ત્રીજા શુક્રવારે બુફેટ- સમય સાંજના ૬.૦૦ થી ૮.૦૦ ફકત પૌંડ ૫.૦૦**

| | | | |
|---|---|---|---|
| 1 | શુક્રવાર | 16/03/2018- | મસાલા ઢોંસા, ઇડલી અને ચીપ્સ |
| | શુક્રવાર | 20/04/2018 | મંચુરિયન. રાઇસ અને ચીપ્સ |
| 2 | શુક્રવાર | 18/05/2018 | પોર્ટુગલ ટ્રીપ હોવાથી બંધ રહેશે |
| 3 | શુક્રવાર | 15/06/2018 | દાબેલી, બાદશાહી ખીચડી અને દહીં |
| 4 | શુક્રવાર | 20/07/2018 | હોલ ભાડે હોવાથી બંધ રહેશે. |
| 5 | શુક્રવાર | 17/08/2018 | મેકસીકન ભેલ, બિરયાની રાયતું |
| 6 | શુક્રવાર | 21/09/2018 | કઢાઇ પનીર, પરોઠા, જીરા રાઇસ |
| 7 | શુક્રવાર | 19/10/2018 | વેઢમી, મટર રીંગણ શાક, રાઇસ, કઢી |
| 8 | શુક્રવાર | 16/11/2018 | પુરીચાટ, સમોસા, સ્પાઇસી ભાત |